વિષય: રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન અધિવેશન-૨૦૧૬માં ભાગ લેવા બાબત અંગેના નિયમો

**આપ સૌને જણાવતા આનંદ થાય છે કે રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૬ નું વડોદરા જીલ્લાનું સંચાલન કોમ્યુનીટી સાયન્સ સેન્ટર કરશે.આ વર્ષે ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ** (Science, Technology & Innovation for Sustainable Development) **થીમ અંતર્ગત સાત મુખ્ય વિષયોમાંથી કોઈ એક વિષયને આવરી લઇ પ્રોજેક્ટ રજુ કરવાનો રેહશે જેમાં 1) કુદરતી સ્ત્રોતોનું વ્યવસ્થાપન 2) ખોરાક અને ખેતી 3) ઉર્જા 4) આરોગ્ય, સ્વાસ્થ્ય અને પોષણ 5) જીવનશૈલી અને નિર્વાહ 6) આપત્તિ વ્યવસ્થાપન 7) પરંપરાગત જ્ઞાનની પ્રણાલિકા. આ પ્રોજેક્ટમાં ઉપર જણાવેલ થીમ અંતર્ગત અગાઉના વર્ષોનો ડેટા ભેગો કરી, તેના આધારિત પ્રયોગો કરી પ્રાથમિક માહિતી મેળવવી અંત્યંત જરૂરી છે.**

**સાયન્સ કોગ્રેસ ના નિયમો**

૧) **કવર પેજ** ઉપર મોટા અક્ષરે ટાયટલ, તમારુ નામ, જિલ્લા અને રાજ્યનુ નામ, ગૃપ લીડરનુ નામ, ગાઇડ (માર્ગદર્શક)નુ નામ, સરનામુ, તમારી ટીમના સભ્યોના ફોટા, જે કાર્ટૂન રૂપે પણ ચાલશે.

૨) **Form A**: ની નકલ **અંગ્રેજીમાં**, જે તમે રજિસ્ટ્રેશન વેળા ડીસ્ટ્રીક્ટ કોર્ડીનેટર (કમ્યયુનિટી સાયન્સ સેન્ટર)ને આપી હોય તે.

૩) **Abstract**: નાની ઉમર (૧૦ થી૧૪ વર્ષ) વાળા ગૃપ માટે ૨૫૦ શબ્દો. મોટી ઉમર ના ગૃપ વાળા (૧૪+ થી ૧૭ વર્ષ) માટે ૩૫૦ શબ્દો (અંગ્રેજી અનુવાદ જરૂર કરવો) નો રીર્પોટ હોવો જોઇએ.

૪) **Contents**: ચેપ્ટર-હેડીંગ, સબહેડીંગ, ટેબલ, ચાર્ટ, મેપ વિગેરે અને રેફરન્સ ને પેજ નંબર સાથે લખવુ.

૫) **Introduction**: રીપોર્ટની આઉટલાઇન અથવા સામાન્ય વર્ણન જેમા પ્રયોગની માહીતી આપેલી હોય.

૬) **Aim & Objective**: પ્રયોગો કરવાનો હેતુ અને તેના કયા પરિણામોની ધારણા કરો છો તે લખવુ જરૂરી છે

૭) **Hypothesis**: પ્રયોગ પાછળની ધારણાઓ અને તેમને સિધ્ધ કરતો પ્રયોગ હોવો જોઇએ.

૮) **Need Statement**: પ્રયોગ કરવા પાછળની જરૂરિયાત કે જે ૫૦ થી ૧૦૦ શબ્દોમા વર્ણાવેલી હોય.

૯) **Work Plan**: પ્રયોગની કાર્યપધ્ધતિનુ વર્ણન જે ગ્રાફ, ચાર્ટ વિ. મદદથી પણ કરી શકાય અને ચેપ્ટર પ્રમાણે પણ કરી શકાય.

૧૦) **Methodology**: પ્રયોગ કર્યાની તારીખ સાથે સુવ્યવસ્થિત માહિતી જેમા સેમ્પલની પસંદગી, ડેટા એનાલિસીસ,સર્વે ફોર્મ, **લૉગ બુક** (અત્યંત જરૂરી) ઇત્યાદીની વ્યવસ્થિત નોંધ હોવી જોઇએ.

૧૧) **Observations**: ડેટા ની નોંધ, કે જે કેવળ અવલોકન હોય, અથવા તમારા પ્રયોગનુ પરિણામ હોય તે વૈજ્ઞાનિક મોડેલ હોવુ જોઇએ.

૧૨) **Result**: ડેટા નુ મુલ્યાંકન, એનાથી અનુમાન કાઢવુ જેમા મેપ, આંકડાકીય માહીતી, ગ્રાફ, ટેબલ ઇત્યાદિનો ઉપયોગ કરી શકાય છે. તમારા પોતાનુ મંતવ્ય અગત્યનુ હોય છે. માટે તે પણ લખવુ જરૂરી છે.

૧૩) **Conclusion**: તમારા પ્રયોગો દ્વારા તમારુ તારણ અને પ્રયોગોને હજુ કઇ રીતે કરી શકાય એવુ મંતવ્ય આપી શકો. તમારુ તારણ તમારા પ્રયોગ વિસ્તાર પુરતુ મર્યાદિત રાખવુ અને મોટા વિસ્તારને લાગુ પાડશો નહિ અથવા સર્વ સામાન્ય સર્વત્ર જોવા મળે એવુ મંતવ્ય રાખશો નહિ.

૧૪) **Solution to the Problem**: તમને કોઇ ઉપાય સુજ્યો/જડયો હોય તો તેને બધા પુરાવા સાથે રજુ કરો. યાદ રાખો તમારા પ્રયોગદ્વારા તમે કોઇ એક સમ્સયાનુ કાયમી સમાધાન લાવીને રજુ કરી રહા છો.

૧૫) **Future Plan**: તમારા પ્રયોગને લોકો સુધી પહોચાડવા માટે તમે શુ કરવાના છો? તેની નોંધ રાખો.

૧૬) **Acknowledgements**: તમને મળેલી તમામ મદદ, તેમાં જોડાયેલા લોકો અને સંસ્થાનો ઉલ્લેખ ચોક્ક્સ કરશો. તમારા પ્રયોગ માટે તમને મદદ કરેલ તમામ વ્યક્તિ અને સંસ્થાનો આભાર માનવો જ રહ્યો.

૧૭) **References**: પ્રોજેકટ રીપોર્ટનો આ છેલ્લો ચેપ્ટર છે.જેમાં તમારા અભ્યાસ લગતા તમામ સંદર્ભો અવશ્ય લખવા. તમામ સંદર્ભો આલ્ફા બેટીકલ ક્રમમાં લખવા. પ્રથમ લેખકનુ નામ, એના લેખનનુ શિર્ષક, જેમા છપાયેલુ હોય તે જર્નલ/પુસ્તકનુ નામ, પેજ ક્રમાંક, પુસ્તક હોય તો તેના છાપ-કંપનીનુ (પબ્લિકેશન કંપની) નામ અને વર્ષ વગેરે લખવુ. છાપાનો સંદર્ભ હોય તો તેનુ નામ, પાના નંબર, ઈશ્યુ અથવા વોલ્યુમ ક્રમાંક, તારીખ અને છપાયુ ત્યારનુ વર્ષ.

૧૮) **અમુક રીપોર્ટ** ઉપરના ચોકઠામાં ના બેસે તો તેવા રીપોર્ટમા "ડેટા એનાલીસીસ" અને "સોલ્યુશન ટુ દ પ્રોબ્લેમ" જેવા ચેપ્ટરો ડીસ્ક્રિપશન ઓફ ઈક્વીપમેન્ટ/કીટસ એટલે કે સાધનોનુ વર્ણન, તેમના સિધ્ધાંત અને ઉપયોગીતા વિશેની માહિતી આવરી લેવી. તમે જુના સાધનોમા નવીનતા ઉમેરી હોય તો પ્રથમ જુના સાધનોની માહિતી પણ આપવી.

**પ્રોજેક્ટ રીપોર્ટ વિશે-**

રાષ્ટ્રીય સ્તરે માન્ય પ્રોજેક્ટ રીપોર્ટ નીચે મુજબ હોવો જોઇએ.

- રીપોર્ટ A-4 size (૨૧ સેમી × ૨૯.૭ સેમી) પેપર ઉપર લખવો, પેપરની એક જ બાજુએ લખવો.
- કવર પેજ પછી તરતજ Form-A (કેવળ અંગ્રેજીમાં) હોવો જોઇએ.
- રીપોર્ટ ભારતીય પ્રાદેશિક ભાષામાં હોય તો ચાલે.
- રીપોર્ટ જુનિયર ગૃપ માટે ૨૫૦૦ શબ્દો સુધીનો અને સિનીયર ગૃપ માટે ૩૫૦૦ શબ્દો સુધીનો હોવો જોઇએ.
- તમારા હાથથી લખેલો રીપોર્ટ માન્ય ગણાશે. (કમ્પ્યુટર ટાઈપીગ કે બીજા કોઇએ લખેલો ચાલશે નહિ)
- રીપોર્ટની એક નકલ તમારી પાસે રાખવી જરૂરી છે.

**ઓરલ (મૌખિક) પ્રેઝન્ટેશન વિશે-**

રીપોર્ટ લખાણ જેટલુ જ એનુ મૌખિક પ્રેઝન્ટેશન અગત્યનુ છે. આ પ્રેઝન્ટેશનને ૮ મિનીટમા કરવાનુ હોવાથી યોગ્ય તાલીમ જરૂરી છે. જેમા તમારા પ્રોજેક્ટના ૬ થી ૭ મુખ્ય મુધ્દાઓને તમે આવરી શકો. પ્રેઝન્ટેશનમાં તમારુ નામ, તમારા ગૃપ મેમ્બરોના નામ, શાળા-સંસ્થા-ગામનુ નામ, પ્રોજેક્ટનુ ટાઇટલ, કાર્ય, પરિણામો, તારણો અને સમ્સયાના ઉપાયો ઇત્યાદી નો ઉલ્લેખ કરવો. પ્રેઝન્ટેશનમાં પોસ્ટર્સ, ચાર્ટ ઇત્યાદી વાપરવા અગત્યના છે. તમે મોડેલ પણ બનાવી શકો છો. પ્રેઝન્ટેશન કરવામાં LCD/OHP વપરાશ કરી શકાય. પોસ્ટર અને પ્રસ્તુતિની ભાષા સરળ હોવી જોઇએ.

**પોસ્ટર પ્રેઝન્ટેશન**

મૌખિક પ્રેઝન્ટેશન પછી પેપર પ્રેઝન્ટેશન અલગ થતુ હોય છે. તમારા પોસ્ટર ૪ થી વધુ હોવા જોઇએ નહિ. પોસ્ટરમાં તમારા પ્રયોગને આવરી લેતા તમામ મુખ્ય મુધ્દાઓનો ઉલ્લેખ થવો જોઇએ.

**પોસ્ટર કેવા બનાવશો**

મૌખિક અને પોસ્ટર પ્રેઝન્ટેશન માટે વિવિધ રંગની ડ્રોઇંગશિટસ (૫૫ સેમી × ૭૦ સેમી) વાપરો. એક પોસ્ટરમાં તમારા પ્રયોગનુ ટાયટલ (મોટા અક્ષરે, બધા જ વાંચી શકે તેમ) તેમજ થોડા નાના અક્ષરોમાં તમારા ગૃપ મેમ્બરોના નામ લખો. તે ઉપરાંત પ્રયોગના હેતુઓ, મેપ (નકશો), કાર્યપધ્ધતિ, પરિણામો, તારણો, પ્રયોગના પ્રશ્નને મળેલા ઉપાયો (હલ) વિગેરે હોવુ જોઇએ. પ્રયોગ કે પ્રોજેક્ટના પ્રકાર પ્રમાણે તમે મેપ અથવા પરિણામો માટેના પોસ્ટર બનાવો અથવા ન-બનાવો. કુશળતા માંગી લેતા આ પોસ્ટર બનાવતા પહેલા તમે ચાર શિટસ લઇ સંપૂર્ણ પ્રયોગને કેવો રજૂ કરશો તેવો અભ્યાસ (રફ વર્ક) કરી પછીજ પ્રેઝન્ટેશન માટેના પોસ્ટર બનાવજો. પોસ્ટરમા પાય ડાયગ્રામ, હીસ્ટોગ્રામ, ગ્રાફ, ફોટોગ્રાફ, કાર્ટૂન ઇત્યાદી મુકી શકાય. વધારે પડતી માહીતી પણ ન લખતા. તમે શાહી, પેન્સિલ કલર, સ્કેચ પેન અથવા તો વનસ્પતિમાંથી મળતા કુદરતી રંગોનો ઉપયોગ કરી શકો છો. પોસ્ટરમા લખાયેલા શબ્દોની લીટીઓ એક થી વધુ રંગોથી લખો અને અક્ષરો ૨ સેમી થી નાના ન લખતા, તેમજ ૨ થી ૩ સેમી ના અંતરે લીટીઓ લખેલી હોવી જોઇએ.

**ભાગ લેનાર વિદ્યાર્થી ગ્રુપે તેમના નામ અને પ્રયોગની નોંધણી ઓનલાઈન કરવાની રહેશે તેમજ રિપોર્ટની એક કોપી લોક વિજ્ઞાન કેન્દ્ર વડોદરામાં ૨૦.ઓગષ્ટ.૨૦૧૬ પહેલા જમા કરાવવાની રહેશે અને ૦૨.સપ્ટેમ્બર.૨૦૧૬ના રોજ વડોદરા જિલ્લા કક્ષાનું રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન થશે**

આભાર સહ,

ડૉ. જીતેન્દ્ર ગવળી
નિયામક શ્રી,
લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા